પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૯૯ • કુલ પાના : ૪ • તારીખ : ૧૫-૦૪-૨૦૨૩ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## અતીક અહેમદના પુત્ર અસદને પ્રયાગરાજમાં દફનાવવામાં આવશે, માસા અસદનો મૃતદેહ લેવા ઝાંસી પહોંચ્યા




પ્રયાગરાજ,

પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા અસદ અહેમદને પ્રયાગરાજમાં દફનાવવામાં આવનાર છે અને તેના સંબંધીઓ મૃતદેહ લાવવા ઝાંસી ગયા છે. પરિવારના વકીલે શુક્રવારે આ માહિતી આપી હતી. ઉમેશ પાલ હત્યા કેસમાં વોન્ટેડ અસદ અહેમદ ગેંગસ્ટરમાંથી રાજકારણી બનેલા અતીક અહેમદનો પુત્ર છે. અસદ અને તેના સાથી ગુલામ ગુરુવારે ઝાંસીમાં ઉત્તર પ્રદેશ પોલીસ સાથેના એન્કાઉન્ટરમાં માર્યા ગયા હતા. કથિત એન્કાઉન્ટર એ જ દિવસે થયું હતું જ્યારે અતીક અહેમદ પ્રયાગરાજ કોર્ટમાં હતો. ઉમેશપાલ હત્યા કેસના સંબંધમાં તેને મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

કોર્ટે તેને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં જેલમાં મોકલી દીધો છે. તે જ સમયે, પોલીસની વિનંતી પર, કોર્ટે તેને પાંચ દિવસ માટે કસ્ટડીમાં રાખીને આતિકની પૂછપરછ કરવાની મંજૂરી આપી છે. અતીક અહેમદના વકીલ મનીષ ખન્નાએ જણાવ્યું કે તેમના કાકા ડૉ. અહેમદ (૭૦) અસદનો મૃતદેહ લેવા ઝાંસી ગયા છે. સાંજ સુધીમાં મૃતદેહને પ્રયાગરાજ લાવવામાં આવે તેવી શક્યતા છે. ધુમાનગંજ પોલીસ સ્ટેશનના કસારી મસારી કબ્રસ્તાનમાં અસદને દફનાવવાની તૈયારીઓ કરવામાં આવી છે. અતીકના માતા-પિતાની કબરો પણ આ કબ્રસ્તાનમાં છે.

અસદ માફિયા અતીક અહેમદના પાંચ પુત્રોમાં ત્રીજો હતો અને ઉમેશ પાલ હત્યા કેસ બાદ ફરાર હતો. અતીકના અન્ય પુત્રોમાં મોટો પુત્ર ઉમર લખનૌ જેલમાં બંધ છે, જ્યારે બીજો પુત્ર અલી નૈની સેન્ટ્રલ જેલમાં બંધ છે. તે જ સમયે, ચોથો પુત્ર અહઝાન અને સૌથી નાનો પુત્ર અબાન પ્રયાગરાજના બાળ સુધાર ગૃહમાં છે. અતીક અહેમદ હાલમાં ૨૦૦૬ના ઉમેશપાલ અપહરણ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અસદની દફનવિધિ દરમિયાન કોઈ અપ્રિય ઘટનાને ટાળવા માટે મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવશે.આ એન્કાઉન્ટરને લઈને અતીકના ઘર ચકિયામાં એક અલગ પ્રકારની શાંતિ હતી.અતીકના ખાલી પડેલા ઘર પાસે હાજર ૬૦ વર્ષના રાબિયા ખાતૂને કહ્યું કે 'અસદ નાનો હતો. જો તેનાથી ભૂલ થઈ પણ છે તો તેને સુધરવાની તક મળવી જોઈએ. તેને આજીવન કેદની સજા આપી શકાય, પરંતુ તેને મારી જ નાખવામાં આવ્યો. આ તે કઈ રીત છે? આટલું કહીને રાબિયા રડવા લાગે છે. અતીકના ઘરેથી આશરે ૩૦૦ મીટર દૂર ચકિયાબજારમાં કપડાંની દુકાન ચલાવતા મો. અબ્બાસ અલી કહે છે, 'અમે અસદને આ ગલીઓમાં રમતો જોયો હતો. અતીકના પાંચ પુત્રમાં તે સૌથી વધુ હોનહાર હતો. અબ્બુની હંમેશાં વાત માનતો, પરંતુ જ્યારથી અતીક જેલમાં ગયો ત્યારથી આખો પરિવાર વિખૂટો પડી ગયો છે. સૌથી વધુ અસર તેમનાં બાળકો પર પડી. અલી અને ઉમર પહેલાંથી જ જેલમાં હતા. પરિવારના સભ્યોને જેલમાં જતા જોઈને અસદને બંદૂક ઉપાડવી પડી હતી. આટલી નાની ઉંમરે મરવું તેના માટે સારું નથી, પણ તેણે જે કર્યું તેની સજા એક દિવસ તો તેને મળવાની જ હતી, આજે મળી ગઈ.

અસદના ઘરથી ૫૦૦ મીટરના અંતરે અમે કૈલાસ વર્મા નામના એક વૃદ્ધને સાઈકલ પર આવતા જોયા. એન્કાઉન્ટરની કાર્યવાહીને યોગ્ય ગણાવતાં તેમણે કહ્યું, 'આ બધી સરકારની માયા છે. સરકાર જે કરે છે એ સારું કરે છે. ખરાબ કામનું ખરાબ પરિણામ આવે છે, એટલે જે થયું એ બરાબર થયું.કૈલાસે કહ્યું કે અસદનું તોડી પડાયેલું ઘર બતાવે છે. એવું કહેવાય છે કે 'આખા ચકિયામાં જ્યાં પણ તમે પડી ગયેલાં મકાનો જોશો એ બધાં અતીકના સંબંધીઓનાં છે,' એમ કહીને કૈલાસે સીએમ યોગીના નિવેદનની યાદ અપાવી, જ્યારે તેમણે વિધાનસભામાં માફિયાઓને ધૂળ ચટાડવાની વાત કહી હતી.

આ સમગ્ર વિસ્તાર એક સમયે અતીકના પ્રભાવમાં હતો. અલ હસન ફારુકી ગર્લ્સ ઈન્ટર કોલેજની સામે અતીકનું આલીશાન ઘર છે. તેના પુત્રો અહીં રહેતા હતા. પ્રશાસને તે ઘર પણ તોડીને અહીં વહીવટી બોર્ડ લગાવી દીધું છે. આ ઘર વર્ષ ૨૦૨૦માં તોડી પાડવામાં આવ્યું હતું. અતીકના પાલતુ કૂતરાં હવે અહીં રહે છે, જેની દેખરેખ સ્થાનિક એનજીઓ કરે છે. જયારે પ્રયાગરાજના રસૂલાબાદ વિસ્તારમાં એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા શૂટર ગુલામ મોહમ્મદનું ઘર આવેલું છે. જયાં હાલા કાટમાળ પડેલો છે લોકોએ જણાવ્યું કે આ એ જગ્યા છે જ્યાં એક મહિના પહેલાં સુધી ગુલામ અને તેનો પરિવાર રહેતો હતો. તેલિયારગંજના રસૂલાબાદ ઘાટ રોડ પર બનેલું ગુલામ મોહમ્મદનું ઘર લગભગ ૩૩૫ ચોરસ મીટરમાં બનેલું છે. ઉમેશ પાલ મર્ડર કેસ બાદ પ્રશાસને આ ઘર તોડી પાડ્યું હતું. તેને તોડી પાડતી વખતે તેની કિંમત ૨ કરોડ રૂપિયા આંકવામાં આવી હતી, પરંતુ હવે અહીં માત્ર ઈંટોનો ઢગલો જ બચ્યો છે.

## મોદી રાજમાં દેશની તિજોરી છલકાઈ, ૧૦ વર્ષમાં ટેક્સ કલેક્શનમાં ૧૭૩ ટકાનો વધારો

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન ટેક્સ કલેક્શનને લઈને ઘણા સુધારા કરવામાં આવ્યા હતા અને હવે તેના ફાયદા પણ દેખાઈ રહ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સરકારના ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ૧૦ વર્ષ પહેલાની સરખામણીમાં ૧૭૩ ટકાનો વધારો થયો છે. બીજી તરફ આવકવેરા રિફંડની રકમમાં ઘટાડો કરવામાં આવે તો સરકારનું ટેક્સ કલેક્શન ૨૦૧૩-૧૪ની સરખામણીમાં ૧૬૦ ટકા વધુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સરકારનો ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ જે મુખ્યત્વે આવકવેરો અને કોર્પોરેટ આવકવેરાના કલેક્શન રૂ. ૧૯.૬૮ લાખ કરોડ રહ્યું છે. આ ૨૦૧૩-૧૪ના રૂ. ૭.૨૧ લાખ કરોડ કરતાં ૧૭૩ ટકા વધુ છે. એટલું જ નહીં રિફંડની ગણતરી કર્યા પછી ૨૦૨૨-૨૩માં સરકારનું નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન રૂ. ૧૬.૬૧ લાખ કરોડ થયું છે જે ૧૦ વર્ષ પહેલાં માત્ર રૂ. ૬.૩૮ લાખ હતું. હતી. એટલે કે સરકારની ચોખ્ખી આવકમાં ૧૬૦ ટકાનો વધારો થયો છે.

ટેક્સ કલેક્શન સંબંધિત આ નવા આંકડા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ દ્વારા બહાર પાડવામાં આવ્યા છે. આવકવેરા વિભાગ સંબંધિત અંતિમ નિર્ણય સીબીડીટી દ્વારા લેવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના આ આંકડા હજુ પણ કામચલાઉ છે, તે પછીથી વધુ સુધરશે. આ સાથે સીબીડીટીએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અપડેટેડ આંકડા પણ જાહેર કર્યા છે.જો આપણે જીડીપીના પ્રમાણમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન જોઈએ તો તે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં જીડીપીના ૫.૬૨ ટકા જેટલું હતું. જ્યારે ૨૦૨૧-૨૨માં તે વધીને ૫.૯૭ ટકા થયો હતો.

મોદી સરકારના કાર્યકાળમાં ટેક્સ કલેક્શન વધારવા માટે નોટબંધી, GST, આવકવેરા રિટર્ન ભરવાની પ્રક્રિયાને સરળ બનાવવા, લોકોના ખાતામાં વહેલામાં વહેલી તકે રિફંડ મેળવવા, કાળા નાણા પર ટાસ્ક ફોર્સ બનાવવા જેવા અનેક સુધારા કરવામાં આવ્યા છે. નવી આવકવેરા સાઈટ બની છે.

થોડા દિવસો પહેલા સરકારે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કલેક્શન એટલેકે જીએસટી કલેક્શનનો ડેટા પણ જાહેર કર્યો હતો. માર્ચ ૨૦૨૩માં તે ૧.૬ લાખ કરોડ રૂપિયા થઈ ગયો છે. તે જ સમયે, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન, ગ્રોસ જીએસટી કલેક્શન ૨૨ ટકા વધીને ૧૮.૧ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે.

## ગુજરાતમાં ડ્રગ્સની હેરાફેરીમાં બાળકોના ઉપયોગ અંગે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં રીપોર્ટ રજૂ કર્યો

અમદાવાદ,

રાજ્યમાં ડ્રગ્સની હેરાફેરીમાં બાળકોનો ઉપયોગ થતો હોવાને લઈને હાઈકોર્ટે અગાઉ સુઓમોટો પિટિશન દાખલ કરી હતી.જેના પર આજે વધુ સુનવણી હાથ ધરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૦થી ૨૦૨૨ની વચ્ચે NDPS એક્ટના કુલ ૧૭૭ કેસ થયા છે તો ૨૫૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ૫ જેટલા જુવેનાઈલ આરોપી હોવાનો પણ રાજ્ય સરકારે રિપોર્ટમાં ખૂલાસો કર્યો છે.આજની સુનવણીમાં SOGએ હાઈકોર્ટમાં સોગંદનામું દાખલ કર્યું હતું.

મીડિયામાં બાળકોનો ડ્રગ્સ પેડલર તરીકે ઉપયોગ થતો હોવાનો અહેવાલ પ્રકાશિત થયો હોવાના મુદ્દે પોલીસે ફરિયાદ નોંધીને આરોપીની ધરપકડ કરી હતી. આ ઉપરાંત પોલીસે કરેલા કાર્યોની વિગત હાઈકોર્ટમાં રજુ કરાઈ હતી. જેમાં સંદિગ્ધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવાની હાઈકોર્ટને ખાતરી આપવામાં આવી છે. અત્યારે એનડીપીએસ એક્ટ હેઠળ ૨૦ તરૂણો સામે ૧૮ જેટલા કેસ નોંધાયેલા છે. આવા બાળકોના પુનઃવસન માટે પણ રાજ્ય સરકાર યોગ્ય પગલા લઈ રહી હોવાનો રીપોર્ટ કોર્ટમાં રજૂ કરાયો છે.

રાજ્ય સરકારે કોર્ટમાં માહિતી આપી છે કે, શાળા કોલેજની આસપાસ તમાકુ અને ડ્રગ્સનું દુષણ ડામવા માટે નિયમિત ચેકિંગ હાથ ધરાતું હોવાની રજૂઆત સરકારે કોર્ટ સમક્ષ કરી હતી. શાળા-કોલેજની આસપાસમાં તમાકુ અને અન્ય પ્રતિબંધિત વસ્તુઓના વેચાણ માટેની ડ્રાઈવમાં ૨,૬૦૯ જેટલા ગુનાઓ નોંધાયા હોવાનું સરકારે જણાવ્યું હતું. આવા કેસોમાં ૩,૯૨,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં ઈ-સિગરેટ અંગેના ચાર ગુનાઓ નોંધાયા છે. જેમાં ૩,૨૬૬ જેટલી ઈ-સિગારેટ જપ્ત કરવામાં આવી છે. હાઈકોર્ટે આ બાળકોની ડ્રગ્સની તસ્કરી મુદ્દે કડક કાર્યવાહીના આદેશ સરકારને કર્યો છે. હવે આ મુદ્દે આગામી સુનાવણી ૧૬ જૂને હાથ ધરાશે.

## વડાપ્રધાન મોદીએ આસામને ૧૪,૩૦૦ કરોડની આપી ભેટ, એમ્સ-ગુવાહાટીનું ઉદ્‌ઘાટન કર્યું

ગોવાહાટી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આસામના વસંત ઉત્સવ 'રોંગાલી બિહુ'ના પહેલા દિવસે શુક્રવારે એક દિવસની મુલાકાતે ગુવાહાટી પહોંચ્યા હતા. ગુવાહાટી એરપોર્ટ પર રાજ્યપાલ ગુલાબચંદ કટારિયા અને મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ વડાપ્રધાન મોદીનું સ્વાગત કર્યું. તેમણે અહીં ૧૪,૩૦૦ કરોડ રૂપિયાની વિવિધ વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યું. પ્રધાનમંત્રીએ ૧૧૨૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલ ગુવાહાટી એમ્સનું ઉદ્‌ઘાટન કર્યું, જેનો શિલાન્યાસ મે ૨૦૧૭માં તેમના દ્વારા કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત તેમણે ૫૦૦ બેડ સાથેની ૩ મેડિકલ કોલેજ નલબારી મેડિકલ કોલેજ, નાગાંવ મેડિકલ કોલેજ અને કોકરાઝાર મેડિકલ કોલેજ પણ આસામના લોકોને સમર્પિત કરી.




મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડા તાલુકાના મલેકપુરમાં બુટલેગરો દ્વારા વેપારી અને ગ્રામજનો સાથે મારામારી કરતાં વેપારીઓ બજાર બંધ રાખી વિરોધ કર્યો

**પોલીસ માંડ માંડ જાગી આખરે વેપારીઓના વિરોધને જોતા બુટલેગરને ઝડપયા**



લુણાવાડા,

લુણાવાડા તાલુકાના મલેકપુર ગામમાં બુટલેગરો બેફામ બન્યા બુટલેગરો દ્વારા દુકાનદારો અને ગ્રામજનો સાથે મારામારી કરતા હોય પોલીસ ફરિયાદ છતાં કોઈ કાર્યવાહી નહિ કરવામાં આવતાં મલેકપુરના વેપારીઓ દ્વારા બજારો બંધ રાખીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.

મહિસાગર જીલ્લામાં બુટલેગરોને કોઈ કાયદાનો ડર ન હોય તેવી સ્થિતી સામે આવી છે. લુણાવાડા તાલુકાના મલેકપુર ગામમાં બુટલેગરોની ગુંડારાજ ચલાવી રહ્યા છે. છેલ્લા પાંચ દિવસ થી બુટલેગરો દ્વારા ગામના દુકાનદારો અને ગ્રામજનો સાથે મારામારી કરતા હોવાથી ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો છે. બુટલેગરો મલેકપુરના ગામના બજારમાં બંદુક બનાવીને દાદાગીરી કરતાં હોય છે. વેપારીઓ દ્વારા બુટલેગરોના આતંકને લઈ પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવી હોય તેમ છતાં પોલીસ દ્વારા કોઈ પગલાં નહિ લેવામાં આવતાં બુટલેગરોને કાયદાનો ડર રહ્યો નથી. આવા બુટલેગરોને પોલીસનો છુપો આર્શીવાદ હોવાથી બેફામ બનીને વેપારીઓને ગ્રામજનો સાથે ખુલેઆમ મારામારી કરતા હોય છેલ્લા લાંબા સમયથી મલેકપુર ગામમાં બુટલેગરોના ત્રાસ થી પરેશાન થયેલ વેપારીઓ દ્વારા પોતાના ધંધા રોજગાર બંધ રાખીને વેપારીઓ અને ગ્રામજનો દ્વારા બેનર્સ સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને આવા બુટલેગરોના આતંકને ખતમ કરવાની માંગ ઉઠતા આખરે પોલીસ એક્શનમાં આવી અને બુટલેગરોને ઝડપી પાડવામાં આવ્યા.

# સંતરામપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ડૉ. બાબા સાહેબની જન્મ જયંતિ નિમિતે ભવ્ય સેમિનાર યોજયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર અને ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ચેર, શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી વીંઝોલ ના સયુક્ત ઉપક્રમે ડો. બાબા સાહેબ આંબેડકર ની ૧૩૨ મી જન્મ જયંતી નિમિત્તે ‘‘ડૉ. બાબાસાહેબ આંબેડકર અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ ‘‘વિષય પર ભવ્ય સેમિનારનું આયોજન.

તા.૧૪/૪/૨૩ ના રોજ રાજયના શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહજી ચૌહાણ, ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ દાહોદના પ્રમુખ વનરાજસિંહ ડામોર, અધ્યાપક મંડળના પ્રમુખ રાજેન્દ્ર જાદવ, લીમખેડા કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ ગોપાલ શર્મા , સિવિલ હોસ્પિટલ અમદાવાદના કિડની હોસ્પિટલના ડાયાલિસિસ વિભાગના વડા પરમાર,ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં EC મેમ્બર અજય સોની વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં ડોક્ટર બાબા સાહેબ આંબેડકરના જન્મદિવસ નિમિત્તે એક દિવસિય સેમીનાર યોજવામાં આવ્યો. કોલેજના પ્રિન્સીપાલ અભય પરમાર મહેમાનોનું શબ્દો થી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોએ ડો. આંબેડકરના જીવન, કાર્ય અને રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં ડો.આંબેડકરની ભૂમિકા વિશે સુંદર વકતવ્ય આપ્યા હતા. આ પ્રસંગે ડો.બાબાસાહેબ આંબેડકર જીવન અને કાર્ય વિષય પર પ્રકાશિત પુસ્તકનું અનાવરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે મોટી સંખ્યામાં અધ્યાપકો, પીએચડી શોધાર્થીઓ, નગરજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જીલ્લામાં ચાલકોની ગફલતને કારણે જુદી જુદી જગ્યાએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના ત્રણ બનાવોમાં કુલ પાંચ જણાના મોત નિપજયા

દાહોદ,

દાહોદ જીલ્લામાં ગમખ્વાર અકસ્માતના બનેલા ત્રણ બનાવો પૈકીનો એક બનાવ ગઈકાલે સાંજના સવા છ વાગ્યાના સુમારે લીમખેડાના કુન્લી ગામે રોડ પર બનવા પામ્યો હતો. જેમાં એક ફોરવ્હીલ ગાડીનો ચાલક તેના કબજાની જીજે-૦૭ એ.આર-૬૭૨૩ નંબરની ઈકો ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ જઈ સામેથી આવી રહેલી નંબર વગરની હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલને સામેથી જોશભેર ટક્કર મારી દેતા મોટર સાયકલ પર સવાર ૨૫ વર્ષીય વિકાસભાઈ દિનુભાઈ તડવી, ૪૦ વર્ષીય કાંતાબેન દિનુભાઈ સંગાડા તથા ૪૨ વર્ષીય દિનુભાઈ બચુભાઈ સંગાડા એમ ત્રણે જણા મોટર સાયકલ પરથી ફંગોળાઈને રોડ પર પટકાતાં વિકાસભાઈ દીનુભાઈ તડવી તથા કાંતાબેન દિનુભાઈ સંગાડાને માથામાં તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતાં તે બંનેનું સથળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે ૪૨ વર્ષીય દિનુભાઈ બચુભાઈ સંગાડાને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ થતાં તેને દવા સારવાર માટે લીમખેડા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજતાં આ ઘટનામાં મૃત્યુઆંક ત્રણ થયો હતો. આ સંબંધે ધાનપુર તાલુકાના બોર ગામના રૂપાભાઈ ધીરાભાઈ માવીએ નોંધાવેલ ફરિયાદને આધારે લીમખેડા પોલીસે ઈકો ગાડીના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જીલ્લામાં ગમખ્વાર અકસ્માતનો બીજો બનાવ ગઈકાલે બપોરના બે વાગ્યાના સુમારે લીમખેડાના વલુંડી ગામે બનવા પામ્યો હતો જેમાં એક ટ્રેલર ચાલક તેના કબજાનું જીજે-૦૧ બી.વી.-૧૯૦૭ નંબરનું ટ્રેલર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી આગળ જતી જીજે-૨૦ બી.એ-૬૫૨૯ નંબરની મોટર સાયકલને પાછળથી ટક્કર મારી પોતાનું ટ્રેલર સ્થળ પર મૂકી નાસી જતાં મોટર સાયકલ પર સવાર નેલસુર ગામના ૩૦ વર્ષીય અતુલભાઈ મનુભાઈ પરમારને પેટ ઉપર તથા છાતીના ભાગે ટ્રેલરનું ટાયર ચઢી જતાં પેટ તથા છાતીના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ સંબંધે નેલસુર ગામના દીલીપભાઈ મનુભાઈ પરમારે નોંધાવેલ ફરિયાદને આધારે લીમખેડા પોલીસે ટ્રેલરના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે જીલ્લામાં ગમખ્વાર અકસ્માતનો ત્રીજો બનાવ ગરબાડાના દેવધા ગામે ગતરોજ રાતે સાડા સાત વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં ગતરાતે એક ટેન્કર ચાલક તેના કબજાનું એમ.એચ.-૧૫-ઈજી-૯૩૩૧ નંબરનું પાણીનું ટેન્કર રોડ પર અડચણ રૂપ ભયજનક રીતે તેમજ સાઈન બોર્ડ ન મૂકી બેદરકારી દાખવી રોડ પર ઉભુ રાખેલ હોઈ મુવાલીયા ગામના સરવનભઊઈ વરસીંગભાઈ દેહધા તેની જીજે-૨૦ એ.આર-૦૬૧૯ નંબરની મોટર સાયકલને લઈને આવતા રોડ પર ઉભેલા પાણીના ટેન્કરની પાછળના ભાગે ધડાકાભેર અથડાતાં મોટર સાયકલ ચાલક સરવનભાઈ વરસીંગભાઈ દેહધાને માથામાં તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું.

આ સંબંધે મુવાલીયા ચોરા ફળિયાના વરસીંગભાઈ બચુભાઈ દેહધાએ નોંધાવેલ ફરિયાદને આધારે ગરબાડા પોલીસે પાણીના ટેન્કરના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રોહિત સમાજ દ્વારા ભારત રત્ન ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની ૧૩૨ મી જન્મ જયંતીની સંતરામપુર ખાતે ઉજવણી કરવામાં આવી



ફતેપુરા,

જીવન ગૌરવ સાથે જીવવાનો હક અને સમાનતાનો અધિકાર જેવી મહત્વની અને પાયાની બાબતોનો સમાવેશ બંધારણમાં કરી દેશના ગરીબો,વંચિતોને પોતાના અધિકાર અપાવનાર ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૩૨ મી જન્મ જયંતીની દાહોદ, પંચમહાલ તથા મહીસાગર જિલ્લાના રોહિત સમાજ સહિત અનુસૂચિત જાતિના સભ્યો દ્વારા સંતરામપુર આંબેડકર ચોક ખાતે ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય આદિજાતિ તથા શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર હાજર રહ્યા હતા. બાદમાં રોહિત સમાજ દ્વારા સામાજિક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં મોટી સંખ્યામાં રોહિત સમાજના સભ્યો હાજર રહ્યા હતા.

# સંતરામપુર નગરમાં સંતરામપુર પોલીસ અને રેપિડ એક્શન ફોર્સ દ્વારા નગરના અલગ અલગ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ યોજાઈ



સંતરામપુર,

રામપુરમાં પોલીસની ટીમ સાથે અમદાવાદની રેપિડ એકશન ફોર્સની ૧૦૦ ની બટાલીયાની plato ના કમાન્ડર ગોવિંદ પ્રસાદના આદેશ અનુસાર ઉપકમાન્ડર મોહન સિંહ ના નેતૃત્વના અને સંતરામપુરના પી.આઈ. કે.ક.ડીંડોર પીએસઆઇ માલીવાડ, પીએસઆઇ પટેલ, સમસ્ત પોલીસ સ્ટાફ સાથે રેપિડ એકશન ફોર્સ સંતરામપુર તાલુકાના પોલીસ સ્ટેશનથી ભોઈવાડા, હુસેની ચોક, બસ સ્ટેન્ડ ચાર રસ્તા, ગોધરા ભાગોળ, મેન બજાર, પ્રતાપુરા વિવિધ માર્ગો પર ફલેગ માર્ગ યોજાઈ આયોજન કરવામાં આવેલું રેપિડ એકસના ફોર્સના જવાનો રસ્તા ઉપર શીત બંધો સાથે હાથોમાં રાયફોલો સાથે ફલેગ માર્ચ કરી રહ્યા હતા. તે આકર્ષણ સાથે કુતુહુલ જોવા મળ્યું હતું.

# દાહોદ નગરપાલિકામાં યોજાનારી સામાન્ય સભામાં અંદાજીત ૧૭ સભ્યોની ચેરમેન પદે પસંદગી કરાશે

દાહોદ,

દાહોદ નગરપાલિકામાં આજરોજ સામાન્ય સભા યોજાવાની છે.આ સામાન્ય સભામાં વિવિધ ચેરમેનોના પદો કેટલાય સમયથી ખાલી પડેલી હતી.તેમાં હવે પાલિકાના મહિલા પ્રમુખની પહેલી ટર્મની મુદ્દત પણ હવે પૂર્ણ થવામાં ૫ મહિના જેટલો સમય બાકી છે. ત્યારે પ્રમુખની રેસમાં કેટલાક સભ્યો છેક કમલમ સુધી પહોંચી ચોખટ ચુમી રહ્યા છે. તો કેટલાક સભ્યોને તાબામાં રાખવા માટે અત્યારથી સોગઠા ગોઠવવામાં આવી રહ્યા છે. ત્યારે હવે પાલિકાની સામાન્ય સભામાં ચેરમેનશીપની વહેંચણી કરવાની જાહેરાત છે. જોકે, ચૂંટાયેલા સભ્યો દ્વારા મલાઈદાર ખાતું મેળવવા માટે તલ પાપડ થઈ રહ્યા છે.તો કેટલાક સભ્યોમાં અંદરો અંદરનો ગજગ્રાહ હવે ધીમે ધીમે બહાર આવી રહ્યો છે. તેવા સંજોગામાં ૩૧ ભાજપના સત્તા પક્ષના સુધરાઈ સભ્યોમાંથી કોણે કોણે ચેરમેનનું પદ અપાય છે. તે જોવું રહ્યું પરંતુ પાલિકા પ્રમુખનું પદ લેવા માટે અને ચેરમેનના પદ લેવા માટે નેતાઓ સુધી ચૂંટાયેલા સભ્યો ગોડફાદારોના શરણે જઈ ચોખટ ચુમી રહ્યા છે. તેમાંય જોઈએ તેવો ઉત્સાહ પાલિકાના સભ્યોમાં જોવા મળી રહ્યો નથી. ત્યારે પાછળા મહિનાઓની વાત કરવામાં આવે તો ૨૦૨૧ના ફેબ્રુઆરી મહિનામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ યોજાય હતી. જેમાં દાહોદ નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૪ માંથી બીનહરીફ રીતે ચૂંટાઈને આવેલા રીનાબેન પંચાલ ઓબીસી સમાજમાંથી આવતા હોય અને ૨૦૨ ની પાલિકાની ચૂંટણીમાં પ્રમુખની સીટ સામાન્ય અનામત માટે હોવા છતાંય ભાજપના મોવડી મંડળ દ્વારા ઓબીસી સીટ પરથી ચૂંટાયેલા રીનાબેન પંચાલની પસંદગી કરવામાં આવી હતી. જેમાં રીનાબેન પંચાલનું કાર્યકાળ પ્રમુખ પદે શરૂ થયું હતું અને તેના પણ ઘણા સમય પછી પાલિકાના સત્તા પક્ષના સભ્યોને ચેરમેન પદ અપાયું હતું. જેમાં તેમના પ્રમુખના કાર્યકાળ દરમિયાન પાલિકામાં ઘણા ઉતાર ચડાવ પણ જોવા મળ્યા હતા. કેટલાક વિખવાદ અને વિવાદો પણ સભ્યોમાં જોવા મળ્યા હતા જેમાં વોર્ડ નંબર-૩ માંથી કોંગ્રેસના સિમ્બોલ પર ચૂંટાઈને આવેલા ૩ સભ્યો ભાજપમાં ભળી જવાથી તેમના માંથી પણ ચેરમેન પદે પસંદગી કરાશે કે કેમ? તે સવાલો પણ ઉઠવા પામ્યા હતા. જોકે હાલ તો તેઓને ચેરમેનશિપથી બાકાત રાખ્યા હોય તેવું જણાઈ રહ્યું છે.જયારે હવે દાહોદમાં ઠેર-ઠેર લોક મુખે ચર્ચાઓ થઈ રહી છે કે પ્રમુખના અઢી વર્ષનો કાર્યકાળ પૂરો થવાની આરે છે. ત્યારે હવે ફરીથી પાલિકાના સત્તા પક્ષના અંદાજીત ૧૭ સભ્યોને ચેરમેન પદે બિરાજમાન કરાશે. ત્યારે પાલિકાની આ જાહેરાતને લઈને ૧૫ મી એપ્રિલે યોજાનારી સામાન્ય સભામાં સત્તા પક્ષના ચેરમેન બનનારા ૧૭ સભ્યોના મોઢે ખુશીની મહેક ઉઠવા પામે છે કે નહિ તે જોવું રહ્યું. જેમાં જાણવા મળ્યા મુજબ મળનારી સામાન્ય સભામાં ૫ જુના અને ૧૨ નવા ચહેરાઓની ચેરમેન પદે પસંદગી કરાશે. અત્રે ઉલ્લેખનીય છેકે, હાલની પરિસ્થિતિમાં દાહોદ નગરપાલિકામાં સુધરી સભ્યોમાં ચારથી પાંચ જૂથો ચાલી રહ્યા છે અને તેમાં તેમના અંદરો અંદરનો વિખવાદ સામાન્ય સભામાં પણ નરી આંખે જોવા મળ્યો હતો. પાલિકામાં સુધરાઈ સભ્યો ભલે જાહેરમાં કહેતા હોય કે અમે સૌ એક છીએ પરંતુ વાસ્તવિકતામાં સુધરી સભ્યો વચ્ચે બધું સામાન્ય નથી. તે પણ એક વાસ્તવિકતા છે. તો પ્રમુખ પદ તરીકે રીનાબેન પંચાલ પદસ્થ છે પરંતુ બહારની ચર્ચાઓ મુજબ પ્રમુખ ની ઉપર સુપર પ્રમુખ ચાલી રહ્યા હોય તેમ ચર્ચાઈ રહ્યું છે. ખેર વાસ્તવિકતા જે પણ હોય પરંતુ ચેરમેનશિપની વરણી તેમજ પ્રમુખ પદને લઈ આગામી સમયમાં દાહોદ નગર પાલિકામાં ભારે ગરમા ગરમી તેમજ બગાવતના સૂર જોવા મળે તો તેમાં કોઈ બેમત નથી.

# વીરપુર તાલુકાના બારોડા ગામના યુવાન વિમલકુમાર પ્રજાપતિને ગોલ્ડ મેડલ થી સન્માનિત કરવામાં આવ્યા



વીરપુર,

બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા મહીસાગર જીલ્લાના વીરપુર તાલુકાના બારોડા ગામના યુવાન વિમલકુમાર પ્રજાપતિને માસ્ટર ઓફ આર્ટસ અંગ્રેજી વિષયમાં સર્વશ્રેષ્ઠ પરિણામ આવતાગોલ્ડ મેડલ થી સન્માનિત કરવામાં આવ્યા. બરોડા ગામ અને વીરપુર તાલુકા માટે આ ગૌરવની બાબત છે અને ગામના વડીલો અને યુવામિત્રોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ગોધરા મોહમંદી મહોલ્લા પાસે સંગાડામાં વેચાણ માટે રાખેલ ૨૧૭ કિલો માંસના જથ્થા સાથે બે વ્યકિતને ઝડપી પાડતી પોલીસ

ગોધરા,

ગોધરા મોહમંદી મહોલ્લા જુબેર મસ્જીદ પાસે આવેલ સંગાડામાં માંસનો જથ્થો વેચાણ માટે રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૨૧૭ કિલો માંસના કિંમત ૪૩,૪૦૦/- રૂપીયા અને અન્ય સાધનો મળી ૪૫,૧૫૦/-રૂપીયાના જથ્થા સાથે બે વ્યકિત ઝડપાઈ જતાં આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા મોહંમદી મહોલ્લા જુબેર મસ્જીદ પાસ હાજરા તૈયાર અબ્દુલ રહિમ ગીતેલી, ઈસ્માઈલ હુસેની સુરતી પાસે મળી માલિકીના સંગાડામાં માંસનો જથ્થો વેચાણ માટે રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી પોલીસે ૨૧૭ કિલો માંસનો જથ્થો કિંમત ૪૩,૪૦૦/-રૂપીયા, વજન કાંટા, મોબાઈલ ફોન, કુહાડી મળી ૪૫,૧૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે બન્નેને પોલીસે ઝડપી પાડયા હતા. જયારે સરફરાજ ઈકબાલ દાવલા, નુરજહાં અહેમદ હુસેન હયાત સ્થળ ઉપર મળી નહિ આવતાં બન્નેની તપાસ હાથ ધરી છે.

# જાલત ગામેથી BSNL અને વોડાફોન ટાવરની બેટરીઓ તેમજ કેબલો મળી રૂા.૧૩ હજારની ચોરી થતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના ગરાડુ ગામે રહેતા બળવંતસિંહ મકનસિંહએ કતવારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તારીખ ૧૫/૩/૨૦૨૩ નારોજ તેમના ટેકનિશિયનનો તેમના ઉપર ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે જાલત ગામના ગામફળિયામાં આવેલા vodafone ઈન્ડેક્સ ટાવરના પાવર ડાઉન થતાં જાલતના ટાવર ઉપર આવ્યા હતા અને તપાસ કરતા ખુલ્લા બોક્સમાં મૂકેલી બેટરીઓ જણાતી ન હતી અને ચોરી થયેલા હોવાનું જણાવ્યું હતું અને ફરિયાદી પણ જાલત ગામના વડાફોન ટાવર ઉપર આવી ગયા હતા અને વોડાફોન ટાવરના કમ્પાઉન્ડમાં આવેલા ઈન્ડોર સેન્ટરમાં ખુલ્લા બોક્સમાં મૂકીને રાખેલી બેટરીઓ જે અંદર જોવા ન મળી હતી અને કંપનીની જૂની વપરાયેલી ૨૪ નંગ બેટરીયો તેમજ તેમાંથી ૨૦ નંગની બેટરીઓની ચોરી થઈ હતી અને કેબલ વાયરની પણ ચોરી થઈ હતી. ત્યારે તેઓએ આ ચોરી અંગેની ફરિયાદ તારીખ ૧૨-૪-૨૦૨૩ ના રોજ કતવારા પોલીસ મથકે નોંધાવતા પોલીસે BSNL વોડાફોન ટાવરના કમ્પાઉન્ડમાંથી બેટરીઓ તેમજ કેબલની ચોરી થઈ હોવાની ફરિયાદ દાખલ કરી અજાણ્યા ચોર ઈસમોને પકડવાના ચક્રોગતિમાન કરી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

# દે.બારીયાના અંતેલા ગામે છોકરીના દાવાના નિકાલે ધિંગાણું થતાં ત્રણને ઈજાઓ

દાહોદ,

ભગાડીને લઈ ગયેલ છોકરાની દાવો નક્કી કરી તેનો નિકાલ કરી આપવાના મામલે દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆના અંતેલા ગામે ચણોઠા ફળિયામાં થયેલા ધિંગાણામાં લાકડીઓ ઉછળતાં એક મહિલા સહિત ત્રણને ઈજાઓ થયાનું તથા જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપ્યાનું જાણવા મળ્યું છે. દેવગઢ બારીઆના અંતેલા ગામના ચણોઠા ફળિયામાં રહેતા પટેલ કુટુંબના અભેસીંહ ગોકળભાઈ, મહેશ અભેસીંગભાઈ, ગણપત અભેસીંગભાઈ, દિનેશ અભેસીંગભાઈ, ગોરધન અભેસીંગભાઈ, કૈલાશબેન અભેસીંગભાઈ, રંમીલાબેન અભેસીંગભાઈ તથા નરપતભાઈ અભેસીંગભાઈ પટેવલ તથા ઘરના માણશોને ગાળો બોલી, તમો ભુમિકાને માન્લી ગામેથી બે વર્ષથી લઈ આવેલા છો તો તમે તેનો દાવો નક્કી કરી નિકાલ કેમ કરી આપતા નથી ? તમારા લીધે અમારો સંબંધ બગડે છે. તેમ કહી ગાળો બોલી પ્રતાપભાઈને માથામાં, હાથના ભાગે, કમ્મરમાં તથા પગમાં લાકડીઓ મારી તથા કાસમબેન, પ્રભાતભાઈ તથા જુવાનસીંગને મુઢ મારમારી તેમજ જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપી ધિંગાણું મચાવ્યું હતું. આ સંબંધે અંતેલા ગામના ચણોઠા ફળિયાના ભુમિકાબેન જવાનસીંગભાઈ પ્રભાતભાઈ પટેલે નોંધાવેલ ફરિયાદને આધારે અંતેલા ગામના ચણોઠા ફળીયાના પટેલ પરિવારના બે મહિલા સહિત આઠ જણા વિરૂધ્ધ રાયોટીંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પોલીસે નાની છાયણ ગામેથી રૂા.૨,૮૮૦/- નો વિદેશી દારૂ ઝડપી મહિલા સામે ગુનો નોંધ્યો

દાહોદ,

તારીખ ૧૨મી એપ્રિલ ૨૦૨૩ રૂલર પોલીસ નાની છાયણ ગામ નજીક પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે તેમને બાતમી મળી હતી કે નાની છાયણ ગામે નિશાળ ફળિયામાં રહેતી સુમીબેન રતનસિંહ ભુરીયા નામની મહિલા તેના પોતાના રહેણાંક મકાનમાં ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂ રાખી તેનું છૂટકમાં વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે રૂલર પોલીસે નાની છાયણ ગામના નિશાળ ફળિયામાં રહેણાંક મકાનમાં રેડ કરતા રૂલર પોલીસને દેખી વિદેશી દારૂનું વેચાણ કરનાર મહિલા ભાગી જવામાં સફળ રહી હતી. ત્યારે પોલીસે તેના ઘરમાં થેલામાં સંતાડી રાખેલી વિદેશી દારૂની ૨૪ નંગ બોટલો ઝડપી પાડી હતી અને વિદેશી દારૂનું વેચાણ કરનાર સુમિબેન રતનસિંહ ભુરીયા નામની મહિલા સામે પ્રોહી અંગેનો ગુનો નોંધી રૂલર પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે અને સ્થાળાંતરણની યોજના સફળ થઈ શકે છે.

વૃષભ : આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે. સમાજમાં શુભ ખર્ચા થશે અને તેમ કરવાથી તમારી ખ્યાતિ વધશે. પરિવારમાં સુખ અને સમૃદ્ધિ મળશે.

મિથુન : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે. શુભ કાર્યોમાં રાત્રિનો સમય વિતાવશો.

કર્ક : આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો અને નિયમોનું પાલન કરો. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

સિંહ : આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલા : આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિક : આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધન : આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકર : આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે.

કુંભ : આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

મીન : આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# પંદર વર્ષથી અસ્થિર મગજની અને પાંચ વર્ષથી એક જ સ્થાને સાંકળે બંધાયેલી યુવતીને મુક્ત કરવામાં આવી

દાહોદ,

માનસિક રીતે અસ્થિર અને છેલ્લા પાંચ વર્ષથી સાંકળે બંધાયેલી ૩૫ વર્ષીય યુવતીને આખરે બાયડની સામાજીક સંસ્થા પોતાના ત્યાં લઇ ગઈ દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના બાવકા ગામતળ ફળીયામાં ફિલ્મી કથાનક જેવી આ સમગ્ર ઘટનામાં બેડીયે બંધાયેલી યુવતીને સામાજીક સંસ્થાની એમ્બયુલેન્સ લેવા આવી ત્યારે ભારે લોકટોળાં ઉમટ્યા હતા. જોકે આશ્ચર્ય વચ્ચે યુવતીને જો છુટ્ટી મુકવામાં આવે તો ભારે તોફાન અને ઉત્પાત મચાવી આવતા જતા લોકોને અને અડોસ પાડોસના લોકોને છુટા પથ્થરો મારતી હોવાનું કેહનાર ગામલોકોને ખુબ જ શાંતિમાં એમ્બયુલેન્સમાં બેસેલી અને મને અહીંથી લઇ જાવ મચ્છરો બહુ કરડે છે તેવા ઉદ્‌ગારો ગામલોકોને અચબામાં મૂકી દીધા છે. પગની બેડીએ બંધાયેલી નિર્વાસ્ત્ર જણાતી આ યુવતીની બેડીઓ સાંકળો કાપવામાં આવી ત્યારે હૃદય દ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. યુવતીને નર્સ બનવાની તમન્ના રાખતા માતા પિતાના અરમાનો પાણીમાં વહી ગયા હતા. યુવતીની આ બેડીઓ વાલી યાત્રાની સિલસિલા બંધ વિગતો કઠણ કાળજાના માનવીને હચમચાવી મૂકે તેમ છે. સામાજીક સેવા સંસ્થાની એમ્બયુલેન્સમાં આ અસ્થિર મગજની યુવતીને બેસાડવા આવી ત્યારે તેના માતા પિતાનું હૈયાફાટ રૂદન વાતાવરણને વધુ ગંભીર બનાવી રહ્યું હતું. બાવકાના લોકોનું અને યુવતીના માતાપિતાના મુખે આ યુવતીની જીવન કવન વિશેની સિલસિલાબંધ વિગત એવી છે કે દાહોદ નજીક ગરબાડા તાલુકાના બાવકા ગામ કે જેનું શિવ મંદિર વિશ્વ ખ્યાત છે. અને ત્યાં દેશ વીદેશના પર્યટકો તેમની મુલાકાત લેવા અવશ્યક જાય છે. તેવા બાવકા ગામના ગામતળ ફળીયામાં રહેતા ભાવસિંગભાઈ બામણીયાની પત્ની તેમજ એક પુત્રી સંગીતા તેમજ તેમનો પુત્ર કુલ ચાર લોકોનો પરિવાર હતો. જેમાં તેમનો પુત્ર રાજકોટમાં ખેતરમાં મજૂરી કામ કરે છે. જ્યારે તેમની પત્નીને શ્વાસ અને અન્ય બીમારીઓ હોવાથી તેઓ લાંબા સમયથી પથારીવશ છે. તેમની પુત્રી સંગીતા જેણે ૧૫ વર્ષ અગાઉ ધોરણ૧૨ માં સાયન્સમાં ૬૮% સાથે પાસ થઈ હતી. નર્સ બનવાની ચાહના ધરાવતી આ સંગીતાએ નર્સિંગ નો ફોર્મ ભર્યો હતો અને તેના માટે આવક ના દાખલાની જરૂર હોય તેના પપ્પા ભાવસિંહભાઈએ એક અઠવાડિયા સુધી ધક્કા ખાઈ આવકનો દાખલો મેળવ્યો હતો. અને નર્સિંગ કોલેજમાં જવાનો હતો તેના એક દિવસ અગાઉ અગમ્ય કારણોસર સંગીતા એ તેનો માનસિક સંતુલન ગુમાવ્યો પરિણામ સ્વરૂપ તે અસ્થિર મગજની બનતા તેના માતા પિતા તેમજ પરિવાર પર આભ તૂટી પડ્યો હતો. સંગીતાની હાલત જોઈ તેના માતા પિતા એ પહેલા દવાખાને સારવાર કરવી પરંતુ ત્યાં કોઈ ફરક ના પડતા તેઓએ બડવાઓનો સહારો લીધો પરંતુ ત્યાં પણ તેની હાલતમાં કોઈ સુધારો ન આવતા તેઓએ આખરે આશા છોડી દીધી અને સંગીતા ને અસ્થિર મગજમાં જ જીવવા માટે છોડી દીધી હતી. પરંતુ પોતાની વ્હાલ સોઈ એક ને એક દીકરીને એકલા છોડી પણ ન અને છેલ્લે મા બાપ તો ખરાને. પોતાના સંતાન પ્રત્યે લાગણી હોય તે પણ સ્વાભાવિક છે. આ તમામ પરિસ્થિતિઓ વચ્ચે છેલ્લા ૧૫ વર્ષથી બંને માતા પિતા આ યુવતીની સાર સંભાળ રાખી રહ્યા હતા. પરંતુ થોડા દિવસ પહેલા તારી માતાની તબિયત ખરાબ થતા તે પથારીવશ બની હતી.જેના પગલે તેના પિતા તેની માતાની સારવારમાં લાગતા આ સંગીતાની સાર સંભાળ રાખવા વાળો કોઈ ન મળતા તેની પરિસ્થિતિ વધુ દારૂણ બની હતી.અને તે વધુ તોફાની અને આક્રમક બનતા આવતા જતા લોકો તથા ગ્રામજનોને પથ્થરમારો કરતા આખરે તેના પિતાએ તેને ઘર નજીક ઢોર બાંધવાના પતરાના શેડના નીચે બેડીઓથી બાંધી દીધી હતી. અને છેલ્લા પાંચ વર્ષથી આ સંગીતા બેડિયોમાં બંધાયેલી હાલતમાં પોતાનું જીવન વ્યતીત કરી રહી હતી.જોકે તેની આ પરિસ્થિતિની જાણ દાહોદની એક સામાજિક કાર્યકર સંધ્યાબેનને થતા તેઓએ સંગીતાબેનના માતા પિતાનો સંપર્ક કરી તેઓની પરિસ્થિતિ જાણી અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકામાં કાર્યરત જય અંબે મંદબુદ્ધિ ચેરીટેબલ ટ્રસ્ટ નામક સંસ્થાના વડા અશોક જૈનનો સંપર્ક કરી સમગ્ર બનાવથી વાકેફ કર્યા હતા ત્યારબાદ સંસ્થાએ આ અસ્થિર મગજની સંગીતાનો સમગ્ર સારવારની જવાબદારી ઉપાડવા માટે તૈયાર થતા દાહોદની સામાજીક કારીગર સંધ્યાબેન ને તેમના પરિવારજનોને મનાવ્યા હતા. અને આખરે આજે બાયડની આ સંસ્થાના કર્મચારીઓ એમ્બ્યુલન્સ સાથે દાહોદ આવ્યા હતા. જ્યાં સ્થાનિક પોલીસની મદદથી સંગીતાબેનને બેડીઓમાંથી મુક્ત કરી સંસ્થા દ્વારા કપડા પહેરાવવામાં આવ્યા હતા. અને લઈ જવાની તૈયારી કરતા આ યુવતીના માતા પિતાના આંખોમાંથી અશ્રુ ધારા વહેતા ઉપસ્થિત સૌ કોઈની આંખોમાં આંસુ આવી ગયા હતા. સંસ્થાના જણાવ્યા મુજબ છેલ્લા બે ત્રણ વર્ષમાં એકલા દાહોદ માંથી ૩૭ થી વધુ અસ્થિર મગજના દર્દીઓને સંસ્થામાં લઈ જઈ તેમની સારવાર કરવામાં આવી છે અને દર્દી સારૂં થઈ જતા તેઓને પુનઃસ્થાપન પણ કરવામાં આવેલ છે. આ યુવતીને પણ યોગ્ય સારવાર આપવામાં આવશે અને તે સ્વસ્થ થઈ જશે તો તેને પુનઃસ્થાપન કરવામાં આવશે તેમ પણ આ સંસ્થાના કર્મચારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું. અને આ અસ્થિર મગજની યુવતીને એમ્બ્યુલન્સમાં બેસાડી બાયડ ખાતે જવા રવાના થયા હતા.



## યુવતીને સાંકળે બાંધી રાખવાનું કારણ સામાજીક રીતી રિવાજ..?

સાંકળો ખોલીને સારવાર માટે બાયડ ખાતે લઈ જવાયેલી આ યુવતીના માતા પિતાએ પોતાના કાળજે મસમોટો પથ્થર મૂકી સારવાર ન કરાવી શક્યાની દુઃખ વ્યક્ત કર્યું હતું અને શા માટે તેને બેડીયે બાંધવી પડી હોવાનું કારણ દર્શાવતા સૌ કોઈ ચોકી ઉઠ્યા હતા. તેઓએ ગામના જ વ્યક્તિને અને સામાજીક સંસ્થાના કર્મચારીઓ જોડે ચર્ચા દરમિયાન પોતાની દીકરીની આવી હાલત સામાજીક રીતેરિવાજોના કારણે કરવી પડી હોવાનું જણાવ્યું હતું. યુવતીના પિતાએ પોતાની નબળી આર્થિક સ્થિતિને કારણે મોટા દવાખાને ન જવાનું હોવાનું જણાવી. જો આ યુવતી ઉત્પાત મચાવી છૂટા પથ્થરો મારતી હતી. જો કોઈ ગ્રામજન કે ફળિયાના વ્યક્તિને પથ્થર વાગી જાય અને તે જાન ખોઈ બેસે તો તેમના રીતે રિવાજો મુજબ ભીંડામાં મસમોટી રકમ આપવી પડતી હોવાનું જણાવી અને તે માટે તે સક્ષમ ન હોય યુવતીને સાંકળે બાંધી હોવાનું અશ્રુધારા વહેડાવી હતી.

## યુવતીને આટલા લાંબા સમય સુધી આ પરિસ્થિતિમાં રાખવા માટે જવાબદાર કોણ.??

સાવ અચાનક સ્વપન સાકાર થવાની ઘડી પહેલા જ કોક કારણસર માનસિક અસ્વસ્થતા ધારણ કરનાર આ ૩૫ વર્ષીય યુવતીને યોગ્ય સારવાર અર્થે જેતે સંબંધીતોએ કેમ ન પહોંચાડી? તે પણ એ તપાસનો વિષય હોવાનું લાગી રહ્યું છે. છેલ્લા ૧૫ વર્ષથી માનસિક રીતે અસ્થિર થયેલી આ યુવતીને છેલ્લા ત્રણ થી પાંચ વર્ષથી તો સાંકળે બાંધીને રાખવા આવતી હતી. આ દરમિયાન કોરોના કાળ જેવી મહામારી પણ આવી અનેક સર્વે થયાં ઘર ઘર સુધી આરોગ્ય કર્મીઓ પણ પહોંચ્યા ગામના સરપંચ તલાટી કમ મંત્રી અને નજીકમાં આવેલી શાળાના શિક્ષકો અને આચાર્યોએ પણ આ યુવતી ને નજર અંદાજ કરી તે વિચાર માંગી લે તેવી બાબત છે. ત્યારે ૨૧મી સદી તેમજ આધુનિક ટેકનોલોજીની વાત કરતા આ સમયને ગ્રામીણ વિસ્તાર સુધી પહોંચતા કેટલો સમય લાગશે.? તે કહેવું મુશ્કેલ છે અને પ્રશાસનિક પહોંચ આવા બનાવોથી કેટલી દૂર છે. એની પ્રતીતિ આપણા સૌને વિચાર માંગતી કરી દે તેવી છે. હાલ તો આ યુવતીને બાયડની સામાજીક સંસ્થા લઈ ગઈ છે. પરંતુ શૈક્ષણિક રીતે પછાત યુવતીના માતા-પિતા તો ઠીક પણ ગામના જવાબદારો સામે તંત્રે તપાસનો દોર લંબાવી ફરી કોઈ નાગરિક આવી નરકાગાર જેવી પરિસ્થિતિમાં ન પહોંચે.જે માટે ઘટતું કરવું જોઈએ.

# ફતેપુરા તાલુકાના સુખસરથી નાની ઢઢેલી જતો માર્ગ બિસ્માર : રીકાર્પેટીંગ કરવા વાહન ચાલકો સહિત મુસાફરોની માંગ

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં સુખસર થી ગ્રામ્ય વિસ્તારો તરફ જતા કેટલાક રસ્તાઓ રીકાર્પેટીંગ માંગી રહ્યા છે. ત્યારે લાગતા-વળગતા તંત્ર દ્વારા તે પ્રત્યે ધ્યાન આપી ચોમાસા પહેલા આ રસ્તાઓનું મરામત કામ હાથ ધરવામાં આવે તે જરૂરી જણાઈ રહ્યું છે. જેમાં સુખસર થી નાની ઢઢેલી થઈ ઢઢેલા જતો અને ફતેપુરા ઝાલોદ ને જોડતો માર્ગ લાંબા સમયથી ઉબડ ખાબડ થઈ જવા પામેલ હોવાનું જાણવા મળે છે અને આ રસ્તાની રીકાર્પેટીંગની કામગીરી વહેલી તકે હાથ ધરવામાં આવે તેવી વાહન ચાલકો સહિત મુસાફરોની માંગ ઉઠવા પામેલ હોવાનું જાણવા મળે છે. તેમજ ઘાણીખૂટથી ગરાડુ જતા માર્ગની છેલ્લા એક વર્ષ ઉપરાંત થી કામગીરી ચાલી રહી છે. છતાં આઠ કિલોમીટરનો માર્ગ આજ દિન સુધી પૂર્ણ થઈ શક્યો નથી.જેની કામગીરી પણ તાત્કાલિક કરવામાં આવે તેવી જનતાની માંગ ઉઠી રહી છે.



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસરથી નાની ઢઢેલી ભિતોડી થઈ ઢઢેલા સુધીનો આશરે ૮ કિલોમીટર જેટલો માર્ગ લાંબા સમયથી અનેક જગ્યાએ તૂટી જવા પામેલ છે. જેના લીધે વાહન ચાલકો,મુસાફર જનતા તથા રાહદારી લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમજ વાહન ચાલકોના વાહનોને નુકસાન પહોંચી રહ્યું છે. તેમજ મુસાફર જનતા શારીરિક સમસ્યાનો ભોગ બની રહી છે. ત્યારે આ રસ્તાની કામગીરી વહેલી તકે હાથ ધરી રીકાર્પેટીંગ કરવા વાહન ચાલકો સહિત મુસાફર જનતાની ખાસ માંગ ઉઠવા પામેલ હોવાનું જાણવા મળે છે.

અહીંયા જણાવવું જરૂરી છે કે, ચોમાસુ આગમનનો સમય પણ નજીક આવી રહ્યો છે અને ચોમાસા પહેલા આ રસ્તાની રીકાર્પેટિંગની કામગીરી થઈ જવી જરૂરી છે. નહીં તો ચોમાસામાં આ ઉબડ ખાબડ રસ્તામાં પાણીનો ભરાવો થશે અને તેના લીધે રસ્તો વધુ તૂટશે સાથે-સાથે વાહન અકસ્માત તથા વાહન સ્લીપ થવાના બનાવો વધવાની શક્યતા પણ નકારી શકાતી નથી. ત્યારે સુખસરથી નાની ઢઢેલી સુધીના માર્ગની રીકાર્પેટીંગની કામગીરી સમયસર ચાલુ કરી વાહન ચાલકો સહિત મુસાફર જનતાને પડતી હાલાકી દુર કરવામાં આવે તેમજ આ રસ્તાની સાઈડમાં ફૂટી નીકળેલા ગાંડા બાવળના ઝુંડ દૂર કરી રસ્તાની સાઈડો સાફ કરવામાં આવે તો આવનાર સમયમાં આ ગાંડા બાવળના વૃક્ષોના કારણે ભવિષ્યમાં સર્જાનાર અકસ્માતો નિવારવા ધ્યાન આપવામાં આવે આવશ્યક જણાય છે.

**બોક્સઃ** ઘાણીખુટથી ગરાડુ જતા ૮ કિ.મી.રસ્તા પૈકી સાડા ત્રણ કિલોમીટર રસ્તો બનાવવા રાહ કોની જોવાય છે.?

ફતેપુરા તાલુકાના ઘાણીખૂટ થી નાના-મોટા બોરીદા, કાળીયા, ઘાટાવાડા થઈ ગરાડુ સુધી ફતેપુરા-ઝાલોદ માર્ગને જોડતા દ્વિ માર્ગીય આઠ કિલોમીટર માર્ગની ગત એક વર્ષ અગાઉ કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેની ઘાણીખૂટ થી કાળીયા સુધી સાડા ચાર કિલોમીટર જેટલી કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. ત્યારબાદ કાળીયા થી ગરાડુ સુધીના સાડા ત્રણ કિલો મીટરની કામગીરી સાઈડ પુરાણ કર્યા બાદ એક વર્ષ જેટલો સમય વિતવા છતાં આજદિન સુધી હાથ ધરાતી નથી. જો આ આઠ કિલોમીટરનો માર્ગ તૈયાર થઈ જાય તો આ માર્ગ રાજસ્થાન તરફથી અવર-જવર કરતા વાહન ચાલકો માટે શોર્ટકટ રસ્તો મળી રહે તેમ છે. પરંતુ આ રસ્તાની કામગીરી પૂર્ણ કરવા માટે કોની રાહ જોવાય છે? તે એક સળગતો સવાલ છે.

# દાહોદ ખાતે બાબા સાહેબ આંબેડકરની ૧૩૨મી જયંતિ નિમિત્તે ભીમ યોદ્ધાઓ દ્વારા મસાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું

દાહોદ,

બાબા સાહેબ આંબેડકરની ૧૩૨મી જન્મ જયંતિ નિમિત્તે દાહોદનાં ભીમ યોદ્ધાઓ, આદિવાસી પરિવાર, વાલ્મિકી સમાજ તેમજ સમાજના આગેવાનો સાથે મળી મસાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે રેલીનું નામ માનવતા રેલી નામ આપવામાં આવ્યું હતું. જે રેલી દાહોદનાં સર્કિટ હાઉસથી દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ અને દાહોદ મામલતદારએ પ્રસ્થાન કરાવી હતી. મસાલ રેલી સર્કિટ હાઉસથી નીકળી મસાલ રેલી દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ મથકે પહોંચી ત્યા દાહોદ ટાઉન પી.આઈ.કિરીટ લાઠીયાને બાબા સાહેબ આંબેડકરની તસ્વીર ભેટ આપી હતી. રેલી પોલીસ મથકેથી નીકળી બિરસા મુંડા ચોક ખાતે આવી આદિવાસીઓના ભગવાન ગણાતા બિરસા મુંડાની પ્રતિમાંને પુષ્પ માળા અર્પણ કરી રેલી નગર પાલીકા ચોક થઈ પરત બાબા સાહેબ આંબેડકર ચોક પર સ્થિત બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પ માળા અર્પણ કરી મસાલ રેલીનું સમાપન કરવામાં આવ્યું હતું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા તાલુકાના રોહિત વાસ ખાતે ગરબાડા ધારાસભ્ય તેમજ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તથા સરપંચની ઉપસ્થિતિમાં રોહિતવાસ એકતા સંગઠન દ્વારા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની ૧૩૨માં જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

આઝાદ ભારતના ભારત રત્ન અને દેશના બંધારણના ઘડવૈયાની ૧૩૨ મી જન્મજયંતિ ઝાલોદ અનાજ માર્કેટ યાર્ડમાં ભાજપ શહેર અને ગ્રામ્યના કાર્યકરો દ્વારા કરવામાં આવી હતી. અનાજ માર્કેટમાં યોજાયેલ સભામાં ધારાસભ્ય મહેશ ભૂરિયા, જીલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, જીલ્લા ભાજપ પ્રમુખ શંકર અમલીયાર તેમજ ઝાલોદ નગર તેમજ ગ્રામ્ય ભાજપના નાના મોટા સહુ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ભારતના બંધારણના ઘડવૈયા, ભારત રત્ન ડો.બાબાસાહેબ આંબેડકરજીની જન્મ જયંતિ નિમિત્તે દાહોદ જીલ્લા ભાજપ દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના અનુસંધાને શિવાજી સર્કલ ચાકલીયા રોડ મુકામે દાહોદ જીલ્લા ભાજપના કાર્યકર્તા એકત્રિત થયા હતા.

# દાહોદ જીલ્લાના ખરેડી અને પાવડી ગામે ૨૪ કલાક દરમિયાન બે અકસ્માતોમાં બે લોકોના મોત નીપજ્યા

દાહોદ,

દાહોદ જીલ્લામાં જુદી જુદી જગ્યાએ બનેલી હીટ એન્ડ રનની બે ઘટનાઓ પૈકીની એક ઘટના ગત મધરાતે લીમીડીથી દાહોદ હાઈવે પર આવેલા પાવડી ગામે રોડ પર બની હતી. જેમાં એક અજાણ્યો વાહન ચાલક તેના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી સામેથી આવતાં રણીયાર ઈનામી ગામના ૩૬ વર્ષીય પ્રકાશભાઈ નાનજીભાઈ ભાભોરની જીજે-૨૦ એએ-૧૧૨ નંબરની મોટર સાયકલને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. મોટર સાયકલ પરથી ફંગોળાઈ રોડ પર પટકાયેલા પ્રકાશભાઈ ભાભોરને જમણો પગ સાથળ તેમજ પંજામાંથી ભાંગી જતાં તથા માથામાં ગંભીર ઈજા થતાં તેને સારવાર માટે વડોદરા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યા સારવાર દરમ્યાન તેનું મોત નિપજ્યું હતું. આ સંબંધે રણિયાર ઈનામી ગામના મરણ જનાર પ્રકાશભાઈ નાનજીભાઈ ભાભોરના પિતા નાનજીભાઈ ગલજીભાઈ ભાભોરે નોંધાવેલી ફરિયાદને આધારે લીમડી પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે

જ્યારે દાહોદ જીલ્લામાં હીટ એન્ડ રનન બીજી ઘટના દાહોદ તાલુકાના ખરેડી ગામે નાળા પાસે રોડ પર બની હતી. જેમાં એક અજાણ્યા વાહન ચાલકે તેનુ વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી ધામરડા ગામના રાહડુંગરી ફળિયાના ૨૨ વર્ષીય સુક્રમભાઈ કાળુભાઈ બારીયાની જીજે-૨૦ બીબી-૩૫૧૦નંબરની મોટર સાયકલને આગળથી ટક્કર મારી નાસી ગયો હતો. સર્જાયેલા અકસ્માતાં સુક્રમભાઈ કાળુભાઈ બારીયા મોટર સાયકલ પરથી ફંગોળાઈ રોડ પર પટકાતાં તેને માથાના ભાગે હાથે પર તથા પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર મોત નિપજ્યું હતું.

આ સંબંધે ધામરડા ગામના મરણજનાર સુક્રમભાઈ બારીયાના મોટા ભાઈ લાલુભાઈ કાળુભાઈ બારીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે દાહોદ તાલુકા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

## સદકએ ફિત્ર

સદકાએ ફિત્ર દેના યે વાજીબ ઔર ઈદ કી નમાઝ સે પહેલે પહેલે ઈસે અદા કર દેના ચાહીયે. તાકી જરૂરતમંદ લોગ અપની હાજતે પુરી કરે ઔર હમારે સાથ વોહભી ઈદ કી ખુશીયા મના સકે યહી ઈસકા મકસદ હૈ.

રોઝા મો અલ્લક રહેતા હૈઃ- હઝરતે સૈયદના અનસબીન માલિક (રદિઅલ્લાહો અન્હો) કહેતે હૈ કી સરકારે નામદાર મદીને કે તાજદાર (સલ્લલ્લાહો અલય હૈ વઆલેહી વસ્સલામ) ફરમાતે હૈ, જબ તક સદકએ ફિત્ર અદા નહી કીયા જાતા બંદે કા રોઝા જમીન વ આસમાન કે દરમિયાન મોઅલ્લક (યાની લટકા હુવા) રહતા હૈ.

સદકએ ફિત્રનું તોલમાપઃ- (૧) ગેંહુ-લોટ ૨-કિલો, ૨૫૦ ગ્રામ અથવા તેની બજાર કિંમત, (૨) જવ ૪ કિલો ૫૦૦ ગ્રામ, (૩) કિસમીસ ૪ કિલો, (૪) ૪ કિલો ખજુર.

(બહવાલા બિસમીલ્લાહ કી બરકત પાન નં. ૨૪-૨૫).

તા.૧૫/૦૪/૨૦૨૩

વકતે શહેરી ૪-૫૨

વકતે ઈફતાર ૭-૦૦

નોંધ :- આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લા પુરતો છે.

# દાહોદના વણભોરી ગામેથી સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના વણભોરી ગામનો યુવાન તેના જ ગામની અને તેનાજ કુટુંબની સોળ વર્ષીય સગીરાનું પત્ની તરીકે રાખવા અપહરણ કરી લઈ જઈ રાત્રી દરમ્યાન તેણીની મરજી વિરૂધ્ધ અવાર નવાર દુષ્કર્મ આચર્યાનું જાણવા મળ્યું છે.

વણભોરી ગામના વડખીયા ફળિયામાં રહેતા રાજુભાઈ બસુભાઈ વખળીયા ગત તા. ૪-૪-૨૦૨૩ના રોજ રાતે આઠેક વાગ્યાના સુમારે તેના ફળિયામાં રહેતી તેનાજ કુટુંબની ૧૬ વર્ષ ૨ માસની ઉંમરની સગીરાનું પત્ની તરીકે રાખવા પ્રેમના પાઠ, ભણાવી, અપહરણ કરી લઈ જઈ રાત્રી દરમ્યાન તેણીની મરજી વિરૂધ્ધ અવાર નવાર દુષ્કર્મ આચર્યું હતું. આ સંબંધે અપહૃત સગીરાની માતાએ નોંધાવેલી ફરિયાદને આધારે કતવારા પોલીસે વણભોરી ગામના વડખીયા ફળિયામાં રહેતા રાજુભાઈબસુભાઈ વડખીયા વિરૂધ્ધ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોક્સો એક્ટ કલમ ૪,૬ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ૧૪મી એપ્રિલ ૧૯૪૪ના રોજ બોમ્બ ધડાકામાં મુંબઈના ૬૬ ફાયરબ્રિગેડના જવાનોની શહીદીને યાદ કરી દાહોદ ફાયરના જવાનોએ બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પિત કરી

દાહોદ,

૧૪મી એપ્રિલ ૧૯૪૪ ના રોજ ઈંગ્લેન્ડથી આવેલા અને મુંબઈના વિક્ટોરિયા ડોક યાર્ડમાં લંગારેલા ફોર્ટ સ્ટાઈકીન માલવાહક જહાજમાં ૨૦ લાખ પાઉન્ડની સોનાની પાટો લડાયક શસ્ત્રો સ્ફોટક પદાર્થો લશ્કરી દારૂ ગોળો વીગેરે મળી ૭૨૦૦ ટન સામાન ઉપરાંત આ જહાજમાં કરાચીથી ૮૭૦૦ રૂપિયાની ગાંસડીઓ ઓઈલ લાકડું સલ્ફર માછલીનું ખાતર અને રોઝીન વગેરે ભરવામાં આવ્યું હતું. આ જહાજમાં ધુમ્રપાનમાંથી ઉડેલા તણખામાંથી ભયંકર ધડાકા સાથે આગ લાગી હતી જેમાં મુંબઈ ફાયર બ્રિગેડના ૬૬ જેટલા કર્મચારીઓ શહીદ થયા હતા. આ ભયાનક આગમાં કુલ ૩૨૧ વ્યક્તિઓએ પોતાના જાન ગુમાવ્યા હતા. આ ધડાકાથી માલ વાહક જહાજનું ૧૨૦ મીટર લાંબા તરતા બોમ્બમાં રૂપાંતરણ થઈ ગયું હતું. ત્યારે આ ઘટનાને લઈને મુંબઈની ધરતી પણ ધ્રુજી ઉઠી હતી અને ૫૦૦૦ ટનનું ૧૨૦ મીટર લાંબુ જયનંદા જહાજ ૧૮ મીટર ઊંચું હવામાં ફંગોળાયું હતું આનાથી નાના મોટા ૨૬ જહાજો ગોદીમાં ડૂબી ગયા હતા. એ દિવસથી દર વર્ષે ૧૪મી એપ્રિલે અગ્નિશમન દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે અને તેને લઈને દાહોદ નગર પાલિકાના ફાયરના જવાનોએ પણ ફાયર સ્ટેશન ખાતે ભેગા થઈ આજરોજ એટલેકે ૧૪ મી એપ્રિલના રોજ અગ્નીશમન દિવસ તરીકે મનાવવામાં આવ્યો હતો. જેમાં દાહોદ પાલિકાના ફાયર ઈન્સ્પેક્ટર સહીત તેમની ટીમે ભેગા મળી મુંબઈના શહીદ થયેલા ૬૬ જેટલા ફાયરના જવાનોની શહીદિને યાદ કરી તેમના માટે ૨ મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી.



Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.199

# પંચમહાલ જીલ્લામાં રખડતા શ્વાન કરડવાના આંકડા ચિંતાજનક

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં રખડતા શ્વાન કરડવાના બનાવવામાં દિન પ્રતિદિન ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. ગોધરા સિવિલ હોસ્પિટલમાં વીતેલા છ માસ દરમિયાન રખડતા શ્વાન કરડવાનો ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે. ઓકટોમ્બર થી માર્ચ માસ સુધીમાં ૩૯૬૮ વ્યકિતઓને રખડતા શ્વાન કરડવાની ઘટનાઓ બની છે.જેને લઈ ગોધરા સિવિલ હોસ્પિટલમાં ડોગ બાઈટ ના દર્દીઓ રોજેરોજ જોવા મળી રહ્યા છે. ખાસ તો ઈન્જેક્શનના સ્ટોક પણ વધારવા આવ્યા છે. આ સ્થિતિને કારણે ગોધરાના શહેરીજનો દ્વિચક્રી વાહન ઉપર કે માર્ગો ઉપરથી ચાલતાં પસાર થતી વેળાએ સતત શ્વાનના હુમલાનો શિકાર ન બની જવાય એની સતત દહેશત હેઠળ પસાર થઈ રહ્યા છે. નોંધનીય છે કે થોડા દિવસ અગાઉ જ હાલોલ શહેરમાં રખડતા શ્વાને પાંચ વર્ષના માસુમ બાળકને ગુપ્તાંગના ભાગે બચકા ભરી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કરવાની ઘટના સામે આવી હતી.



**પંચમહાલ જીલ્લામાં છેલ્લા છ માસમાં શ્વાન કરડવાના આંકડા**

ઓકટોમ્બર - ૫૫૯
નવેમ્બર - ૬૨૪
ડિસેમ્બર - ૭૦૫
જાન્યુઆરી - ૮૧૩
ફેબ્રુઆરી - ૫૬૭
માર્ચ - ૭૦૦

..........................

પુરૂષ - ૩૦૦૮
સ્ત્રી - ૯૬૦

..........................

૩૯૬૮ ડૉગ બાઈટના કેસ

ગોધરા શહેરની વાત કરવામાં આવે તો ગોધરા શહેરના અંકલેશ્વર મહાદેવ રોડ, બામરોલી રોડ,ચર્ચ સર્કલ, નગરપાલિકા રોડ અને ભૂરાવાવ વિસ્તારમાં સોસાયટીઓના આંતરિક અને જાહેર માર્ગો ઉપર રખડતા શ્વાનનો કાયમ અડિંગો જોવા મળી રહ્યો છે.જેથી અહીંથી પસાર થતાં તમામ વ્યક્તિઓ શ્વાનના હુમલાનો ભોગ ન બની જવાય એવા ભયના ઓથાર હેઠળ પસાર થતા જોવા મળી રહ્યા છે.ગોધરા શહેરની વાત કરવામાં આવે તો શહેરીજનો મોર્નિંગ કે ઈવનિંગ વોક માટે જતી વેળાએ ખૂબ જ સાવચેતી પૂર્વક જતા હોવા છતાં પણ રખડતા શ્વાનના બચકાનો શિકાર બની રહ્યા છે. જેથી શહેરીજનોમાં નગરપાલિકા અથવા સરકારના સલગ્ન વિભાગ દ્વારા રખડતા શ્વાન દ્વારા કરવામાં આવતાં હુમલાની ઘટનાઓમાં ઘટાડો થાય એ માટે જરૂરી પગલાં ભરવામાં આવે એવી ઉગ્ર માંગ ઉઠી છે.

## છેલ્લા છ માસમાં સિવિલ હોસ્પિટલના આંકડા મુજબ ૩૯૬૮ ડૉગ બાઈટના શિકાર

ગોધરા સહિત પંચમહાલ જિલ્લામાં રખડતાં શ્વાન કરડવાની ઘટનાઓ સતત વધતા સિવિલ હોસ્પિટલમાં દરરોજ ડોગ બાઈટના દર્દીઓની કતારો જોવા મળે છે. માત્ર ગોધરા સિવિલ હોસ્પિટલમાં જ ઈન્જેકશન મુકાવનારનો છેલ્લા છ માસનો સત્તાવાર આંકડો જોઈએ તો ઓકટોમ્બર ૫૫૯, નવેમ્બર ૬૨૪, ડિસેમ્બર ૭૦૫, જાન્યુઆરી ૮૧૩, ફેબ્રુઆરી ૫૬૭ અને માર્ચ માસમાં ૭૦૦ વ્યકિતઓનો સમાવેશ થાય છે. જેમાં ભોગ બનનાર મહિલાઓ અને પુરૂષની સંખ્યા જોઈએ તો ૩૦૦૮ પુરૂષ અને ૯૬૦ મહિલાઓ છે. કુલ મળી ગોધરા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૬ મહિના માં ૩૯૬૮ લોકો ભોગ બની ચુક્યા છે.

જોકે, આ સમગ્ર મામલે ગોધરા નગર પાલિકા એ તો અચંબામાં પાડી દે તેવી વાત કરતા જણાવ્યું છે કે અમે રખડતા શ્વાન મામલે કશું કરી શકીએ તેમ નથી. કારણ કે, જીવદયા વાળા આ બાબતે અમને કશું કરવા દેતા નથી. શ્વાનને પકડવા એ તો પાપ છે. તેવું જીવદયાવાળા પાલિકાને કહીને શ્વાન પકડવા દેતા નથી. ગોધરા પાલિકાના ઈન્ચાર્જ સેનેટરી ઈન્સપેક્ટર જણાવી રહ્યા છે કે, અમને ફરિયાદ તો મળે છે, પરંતુ આ સમસ્યાને લઈ હાલ કઈ થઈ શકે તેમ નથી.

# ગોધરા બીજેપી અનુસુચિત મોરચા દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે રેલી યોજી

ગોધરા,

સંવિધાનના ઘડવૈયા, દલિતો ના શુભચિંતક મહામાનવ ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૨ મી જન્મજયંતિ નિમિત્તે પંચમહાલ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના અનુસુચિત જાતિ મોરચા દ્વારા ગોધરા ખાતે બહારપુરા માતાજીના મંદિર પાસેથી ડી.જે. અને ઢોલ નગારા સાથે જય ભીમના જય ઘોષ સાથે ફટાકડા ફોડી વાજતે ગાજતે ભવ્ય રેલી કાઢી ગોધરા શહેરના વિશ્રામ ગૃહ પાસે આવેલ બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ રેલીમાં ભારતીય જનતા પાર્ટીના જીલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખ, મહામંત્રી કુલદીપસિંહ સોલંકી, શહેર પ્રમુખ દિલીપભાઈ દસાડીયા, હિતેશભાઈ ભટ્ટ, મોરચાના પ્રમુખ નારણભાઈ પરમાર, શોભાયાત્રાના સંયોજક જયેશકુમાર ચૌહાણ, સોશિયલ મીડિયાના અરવિંદભાઈ સોલંકી, સહિત મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, મોરચાના કાર્યકર્તાઓ તેમજ દલિત સમાજના આગેવાનો, માતાઓ, યુવાનો જોડાયા હતા.




# કાલોલના માતાવાળા ફળીયામાં IPL ક્રિકેટમાં સટ્ટો રમાડતા સ્થળે રેઈડ કરી બે ઈસમોને ઝડપ્યા

કાલોલ,

કાલોલ માતાવાળા ફળીયામાં રહેતા ઈસમ પોતાના ઘરનો દરવાજો બંધ રાખી આઈ.પી.એલ. ૨૦૨૩ રોજ રમાતી ક્રિકેટ મેચ જીવંત પ્રસારણને જોઈને ક્રિકેટ સટ્ટા બેટીંગનો જુગાર રમાડી રહ્યો છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી બે જુગારીયાઓને ૬૦,૦૯૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ માતાવાળા ફળીયામાં રહેતા તસ્લીમ સાલમીન અરબ પોતાના ઘરમાં દરવાજા બંધ રાખીને આઈ.પી.એલ. ૨૦૨૩ની મેચનો સટ્ટાબેટીંગનો જુગાર રમાડે છે. તેવી બાતમી એલ.સી.બી. પોલીસ મળતા પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન પંજાબ કીંગ ઈલેવન અને ગુજરાત ટાઈટન ટીમ વચ્ચે રમાતી ક્રિકેટ મેચનું જીવંત પ્રસારણ મોબાઈલ ફોન ઉપર જોઈ મેચના દરેક બોલના સેશન્સ જોઈને રનરેટ, ચોગ્ગા-છગ્ગા તેમજ ઓવરો જોઈ મોબાઈલ ફોન આવેલ ઈન્ટરનેટના માધ્યમથી ક્રિકેટ મેચની ઓનલાઈન માસ્ટર આઈડી દ્વારા ક્રિકેટ સટ્ટા પ્રવૃતિ કરતાં તસ્લીમ ઉર્ફે આરીફ સાલમીન અરબ, કલી મુદ્દીન કયામુદ્દીન શેખને ઝડપી પાડયા હતા. રેઈડ દરમિયાન પોલીસે મોબાઈલ ફોન નંગ-૧૦ કિંમત ૩૩,૫૦૦/- રૂ., લેપટોપ-૧ કિંમત ૨૦,૦૦૦/-રૂ., ઈલેકટ્રીક બોર્ડ ચાર્જ કિંમત ૫૦૦/- રૂ. અને રોકડા ૬,૦૯૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. પોલીસે બે આરોપી ઝડપી અન્ય જાબીર ઉર્ફે ટોટો અજીતભાઈ ઘાંચી, ઈલ્યાસ ઉર્ફે અલ્લો મીર્ઝા, મુસ્તુફા ઉર્ફે તન્ના પઠાણ, રાજુ મારવાડી, રફીક જરોડીયાને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે. આ બાબતે કાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.



# ગોધરા તાલુકાના ટીમ્બા ગામે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૨મી જન્મ જયંતિની ઉજવણી કરાઈ



ગોધરા,

પંચમહાલ જીલ્લાના ટીમ્બાગામ ડો.બાબાસાહેબ આંબેડકર ચોકમાં બંધારણના ઘડવૈયા ભારતરત્ન ડો.ભીમરાવ આંબેડકરજી ની ૧૩૨મી જન્મ જયંતી અંતર્ગત તાઃ૧૪/૦૪/૨૩ને શુક્રવારના દિવસે બાબાસાહેબની પ્રતિમાને ફુલહાર ચડાવી જયઘોષ સાથે કેક કાપી ભારે સુત્રોચાર કરવામાં આવ્યું. જેમાં ગોપાલભાઈ પટેલ, ગૌરાંગભાઈ પટેલ તથા શ્યામા સોલંકી, કાવ્યા મકવાણા, જીયા મકવાણા દ્વારા બાબાસાહેબના જીવન કવન વિશે ખૂબ સુંદર વકતવ્ય આપવામાં આવ્યું હતું. જેમાં ગામના આગેવાન પ્રફુલભાઈ પટેલ, સ્મારક સમિતિના પ્રમુખ રાકેશભાઈ મકવાણા, ડી.પી.મકવાણા, રાજેશ સોલંકી, ભાવેશ રાઠોડ, ચંપાબેન ગોઠડા, સરપંચ પ્રવીણભાઈ ડેરોલા તથા સમગ્ર ટીમ આયોજકો, સમાજ બંધુઓ, મહિલાઓ અને બાળકો તથા ગ્રામજનો ખુબ મોટી સંખ્યામાં હાજર રહી આકર્ષક ટોપી અને ધજા સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી.

ઉજવણી દરમ્યાન એલ્ડર લાઈન-૧૪૫૬૭ના ફિલ્ડ રિસ્પોન્સ ઓફિસર ભુપેન્દ્રસિંહ મકવાણા દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ એલ્ડર લાઈન વિશે પણ પેમ્પ્લેટ આપી માહિતી આપવામાં આવી હતી.

# શહેરા તાલુકામાં આંબેડકર જન્મ જયંતિની અનેક સ્થળે ઉજવણી કરાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકામાં આંબેડકરની જન્મ જયંતિની અનેક સ્થળે ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે પટીયા ખાતે રૂપિયા ૩૫ લાખના ખર્ચે તૈયાર થયેલ નવનિર્મીત વણકર સમાજના ભવનનું ઉદ્દઘાટન કાર્યક્રમ સાથે બાબાસાહેબ આંબેડકરના પ્રતિમાનું પણ અનાવરણ જીલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકી અને જોઈન્ટ કમિશનર દીપકભાઈ ઝાલા તેમજ ભાજપ જીલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ સહિત અગ્રણીઓના હસ્તે કરવામાં આવ્યુ હતું.

શહેરામાં દેશના બંધારણના ઘડવૈયા ડોકટર બાબા સાહેબ આંબેડકરની ૧૩૨ મી જન્મ જયંતીની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે પટિયા ખાતે ૩૫લાખના ખર્ચે તૈયાર થયેલ નવનિર્મિત વણકર સમાજના ભવનનું ઉદ્દઘાટન જીલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકી, જોઈન્ટ કમિશનર દીપકભાઈ ઝાલા, જીલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ સહિતના હસ્તે કરવામાં આવ્યું હતું અને બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. વણકર સમાજના અગ્રણીઓ દ્વારા ઉપસ્થિત જીલ્લા પોલીસવડા સહીત ભાજપ પ્રમુખ અને અગ્રણીઓ તેમજ મહાનુભાવોનું ફૂલનો હાર પહેરાવીને, સાલ ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેલ જોઈન્ટ કમિશનર દીપકભાઈ ઝાલા એ ઉપસ્થિત સૌને વ્યસનથી દૂર રહેવા સાથે દીકરા દીકરીને વધુ શિક્ષણ આપવા માટે શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે જીલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકી, જોઈન્ટ કમિશનર દીપકભાઈ ઝાલા ,જીલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, શહેરા તાલુકાના ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલીયા, જીલ્લા પંચાયત સદસ્ય કિરણસિંહ બારીયા, નવજીવન જનસેવા ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ હીરાભાઈ વણકર, મંત્રી મનુભાઈ વણકર, જીલ્લા પંચાયતના ન્યાય સમિતિ ચેરમન મણી બેન રાઠોડ, જીવાભાઈ વણકર, નાંદરવા ગામના યુવાન અગ્રણી ભુપેન્દ્રભાઈ વણકર સહિત વડીલો અને મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# પાવાગઢ બસ સ્ટેન્ડ પાસેથી ચોરીના મોબાઈલ વેચવા આવેલ ઈસમને LCB પોલીસે ઝડપી પાડયા

ગોધરા,

ગોધરા એલ.સી.બી. પાવાગઢ વિસ્તારમાં પેટ્રોલીંગયમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે, એક ઈસમ પાવાગઢ બસ સ્ટેશનમાં મોબાઈલ વેચવાની પેરવી છે. તેવી ચોકકસ બાતમીના આધારે પોલીસે ઈસમને ઝડપી પાડી પુછતાજ કરતાં માંચી ડુંગરના પગથીયા પાસ દર્શનાર્થીના ખિસ્સા માંથી ચોરી કર્યાની કબુલાત કરતાં પાવાગઢ પોલીસ મથકનો મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલ્યો છે.



પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી.પોલીસ પાવાગઢ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે ચિંતન પ્રવિણકુમાર ઠાકોર (રહે.આણંદ) પોતાના કબ્જામાં મોબાઈલ રાખીને વેચવાની પેરવી પાવાગઢ બસ સ્ટેન્ડ પાસે હાજર છે. તેવી બાતમીના આધારે પોલીસે ઈસમને ઝડપી પાડી પુછતાજ કરતાં મોબાઈલ ફોન દોઢ મહિના અગાઉ પાવાગઢ દર્શન કરવા આવેલ ત્યારે માંચી પગથીયા પાસે દર્શનાર્થીનો મોબાઈલ ચોરી કર્યાની કબુલાત કરતાં પાવાગઢ પોલીસ મથકનો મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલવા સફળતા મળી.

# કાલોલ પોલીસ મથકના બે વ્યકિતના અપહરણના ગુન્હામાં પોલીસે ગણતરીના કલાકોમાં અપહરણ વ્યકિતને શોધી કાઢવામાં આવ્યા

કાલોલ,

કાલોલ પોલીસ મથકે બે વ્યકિતના અપહરણના ગુન્હામાં આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ ટીમ કામે લાગી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં અપહરણ કરાયેલ વ્યકિતઓને ૬ અપહરણકર્તાઓના ચુંગાલ માંથી શોધી કાઢવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ પોલીસ મથકમાં લીલાબેન કોહયાભાઈ રાવળ તથા સુભંગસિંહ સંગ્રામસિંહ ઠાકોરના અપહરણની ફરિયાદ નોંધાવા પામી હતી. અપહરણના ગુન્હાના આરોપીઓને ઝડપી પાડી અપહરણ થયેલ વ્યકિતઓને છોડાવવા માટે પોલીસ કામે લાગી હતી અને ગણતરીના કલાકોમાં લીલાબેન રાવળ અને સુભંગસિંહ ઠાકોરને અપહરણકર્તાના ચુંગાલ માંથી છોડાવી લેવામાં આવ્યા હતા અને અપહરણકર્તા આરોપી સુમિત્રાબેન રાજેન્દ્રભાઈ કાનજીભાઈ રાઠવા (મુળ રહે. પાવાગઢ, કોટ વિસ્તાર, હાલ શ્રેયા સોસાયટી હાલોલ), વિનાબેન મહેશભાઈ ભલાભાઈ રાઠવા (રહે. પાવાગઢ ડુંગર, છાસીયા તળાવ, હાલ-શ્રેયા પાર્ક, હાલોલ), જયોત્સનાબે નરેશભાઈ કાનજીભાઈ રાઠવા(રહે. પાવાગઢ કોટ વિસ્તાર), લક્ષ્મીબેન વિજયભાઈ પર્વતભાઈ રાઠવા (રહે. શ્રેયા પાર્ક, હાલોલ), સુરેખાબેન રમેશભાઈ તેરસિંગભાઈ રાઠવા (રહે. નાથકુવા, શુકલ ફળીયા, હાલોલ), અજયભાઈ અશોકભાઈ તડવી (પાવાગઢ માંચી ફળીયા)ને ઝડપી પાડવામાં આવ્યા. જ્યારે અન્ય સહઆરોપીઓને પોલીસે ચક્રોગતિમાન કર્યા છે.

# શહેરા તાલુકા ભીમ સૈનિકો દ્વારા બાઈક રેલી યોજવામાં આવી

શહેરા,

ડો. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે શહેરા તાલુકા યુવા ભીમ સૈનિકો દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી. અંદાજીત ૧૫૦ ઉપરાંત યુવા ભીમ સેના દ્વારા બાઈક રેલી કાઢી ગોધરાના નદીસર ખાતે બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને માલ્યાપર્ણ કરવામાં આવ્યું હતું.




૧૪મી એપ્રિલના રોજ ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબનો અવતરણ દિવસ છે. જેને સમગ્ર ભારતમાં અનુસૂચિત જાતિ સમાજના વ્યકિતઓ દ્વારા ઉજવવામાં આવે છે. જે અનુસંધાનમાં શહેરા તાલુકાના તરસંગ ગામેથી યુવા ભીમ સેના દ્વારા એક બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવારના ૧૦ વાગ્યે તરસંગ ગામેથી બાઈક રેલી કાઢવામાં આવી હતી. જેમાં અંદાજીત ૧૫૦ જેટલા યુવા ભીમ સૈનિકો જોડાયા હતા. ડી.જે. પર ડો.બાબા સાહેબ આંબેડકરને લગતા ગીતો વગાડવામાં આવ્યા હતા અને રેલી ત્યારબાદ ગોધરા તાલુકાના નદીસર ગામે પહોંચી હતી. જ્યાં ગામમાં સ્થાપિત ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને સમાજના અગ્રણીઓ દ્વારા માલ્યાપર્ણ કરવામાં આવ્યું હતું અને જય ભીમના નારા લગાવવામાં આવ્યા હતા.



શહેરા વાલ્મિક સમાજ દ્વારા ડોકટર બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. સુપ્રસિદ્ધ મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે વાલ્મિક સમાજના જ્ઞાતિબંધુઓ દ્વારા સાફ-સફાઈ કરવામાં આવી હતી. સાથે બાબા સાહેબ આંબેડકરના ફોટા પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# હાલોલ ખાતે અભિયમ ટીમની પ્રસંશનીય કામગીરી

હાલોલ,

પંચમહાલ જીલ્લાના હાલોલ તાલુકામાં એક મહિલા પાવાગઢ દર્શન કરવા ગઈ હતી. જ્યાં તે ભૂલી પડી જતાં કોઈની મદદ થી નજીકના પેટ્રોલ પંપ પાસે બેઠી છે. તેવા સમાચાર ૧૮૧ મહિલા હેલ્પ લાઈનને મળતા તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, આ બેન દેવગઢબારિયા તાલુકામાં રહે છે. તેમની સાસરી માંથી તેણી તેના બેનના ઘરે પ્રસંગે ગઈ હતી. બાદમાં પરત ફરતા પાવાગઢ દર્શન કરવા ગયા હતા. જ્યાં મોડું થતાં તેઓ ગભરાઈ ગયા હતા. આ બેન સગર્ભા છે. તેમને તેમના બેન શહેરા તાલુકામાં રહે છે. ત્યાં જવું હતું. જેથી મહિલા અભીયમ ટીમે તેણીના બેનનો મોબાઈલ નંબર અને સરનામું મેળવી સલામત રીતે તેણીના બહેનના ઘરે સોંપી.

ભવિષ્યમાં એકલા ઘરની બહાર ન જવા સલાહ આપી હતી. આ સારા કાર્ય કરવા બદલ તેની બહેને ૧૮૧ મહિલા અભ્યમ ટીમનો આભાર માન્યો.

# ચેક રિટર્ન કેસમાં ઘોઘંબા નામદાર કોર્ટે બે આરોપીઓને દંડ તથા એક વર્ષની સજા ફટકારી સમાજમાં દાખલા રૂપ ચુકાદો આવ્યો




તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના કણબી પાલ્લી ગામે રહેતા અને ખેતી કરતા ધર્મેશભાઈ પટેલને હાલોલના નિલેશભાઈ ત્રિવેદી તથા ફાલ્ગુનીબેન ત્રિવેદી સાથે પારિવારિક સંબંધો હતા. બંને એકબીજાના ઘરે સારા નરસા પ્રસંગોમાં આવન જાવન કરતા હતા. તે દરમિયાન નિલેશભાઈ ત્રિવેદી તથા ફાલ્ગુની બહેન ત્રિવેદીને રૂપિયાની જરૂર પડતા ધર્મેશ પટેલે ચેક લઇ નિલેશ ત્રિવેદીને બે લાખ તથા ફાલ્ગુની બેનને અઢી લાખ હાથ ઉછીના આપ્યા હતા. ઉછીના આપેલા રૂપિયા આપવામાં વિલમ કરતા ફરિયાદી દ્વારા ચેકમાં રકમ ભરી ચેક બેંકમાં જમા કરાવ્યા હતા. જે ચેક બાઉન્સ થતાં ફરિયાદી દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. ફરિયાદી તરફે વકીલ રહેલા દિલીપભાઈ પરમાર એ યોગ્ય દલીલો કરી હતી. જેથી આ કેસમાં આરોપી નિલેશ ત્રિવેદીને બે લાખ દંડ તથા એક વર્ષની સજા કરાઈ હતી. જ્યારે ફાલ્ગુની બેનને અઢી લાખનો દંડ અને એક વર્ષની સજા ફટકારી હતી. જો આરોપીઓ દ્વારા દંડની રકમ ભરપાઈ ન કરે તો વધુ છ માસની સજા ફટકારી સમાજને દાખલા રૂપ ચુકાદો આપ્યો હતો.

# ગોધરાના સીમલીયા ઘોડા ગામે સેન્ટો કાર માંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો

ગોધરા,

ગોધરાના સીમલીયા ઘોડા ગામે જવાના રસ્તા ઉપર પોલીસે બાતમીના આધારે નાકાબંધી કરી સેન્ટો કાર માંથી વિદેશી દારૂના ૯૬ નંગ કવાટરીયા કિંમત ૮૯૨૮/-રૂપીયા અને કાર ઝડપી પાડવામાં આવી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા બી ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, સેન્ટો કાર નંબર જીજે.૦૬.બીએ.૭૨૬૦નો ચાલક પોતાની માલિકીના ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લઈને આવવાનો હોય તેવી ચોકકસ બાતમીના આધારે પોલીસે સીમલીયા ઘોડા ગામ જવાના રસ્તા ઉપર નાકાબંધી કરી હતી. બાતમીવાળી સેન્ટો ચાલકને પોલીસની નાકાબંધી જોઈને ફોર વ્હીલ સ્થળ ઉપર મુકી નાશી છુટતા પોલીસની તપાસમાં કાર માંથી વિદેશી દારૂ કવાટરીયા નંગ-૯૬ કિંમત ૮૯૨૮/-રૂપીયા અને કાર મળી ૧,૫૮,૯૨૮/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લઈ આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે પ્રોહિબીશન ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.